બ્રાન્ડેડ ફ્રેમ • કોસ્મેટીક કોન્ટેક્ટ લેન્સ • ગોગલ્સ
Shades
SUKHARAM OPTICAL HOUSE
સુખારામ ઓપ્ટીકલ હાઉસ
સુખારામ આઇ ક્લીનિક (Only On Appointment Basis)
કોમ્પ્યુટરાઇઝડ આઇ ટેસ્ટીંગ કોન્ટેક્ટ લેન્સ ક્લીનિક
યુ-૧ થી ૪, ત્રિભુવન કોમ્પલેક્ષ, પીઝાહટની બાજુમાં, ઘોડદોડ રોડ, સુરત.
ફોન : 2666806, મો. 78744 44876 (પાર્કીંગની વ્યવસ્થા)


# ગુજરાતમિત્ર

તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

સંવર્ધક તંત્રી : સ્વ. પ્રવીણકાન્ત ઉત્તમરામ રેશમવાળા
તંત્રી: મુદ્રક : પ્રકાશક : ભરત પ્રવીણકાન્ત રેશમવાળા


ALEVATE
MUGATLAL GROUP
MBS Aluminium Industries Pvt. Ltd.
Steel Trading Company
ALEVATEPRE-ENGINEERED BUILDING
• Turnkey Steel Building Solution
• Optimised Design
• Accurate manufacturing
• Speedy & Cost Saving Construction
• One Stop Solution for Roofing
Head Office : Krishna Pertrol pump, Udhna Main Road, Surat.
Factories : Sachin GIDC • Pipodara • Burhanpur (MP)
Mobile : 9512953830, 7575882332
E-mail: info@mbsaluminium.com Webside: www.alevate.in

માલિકઃ ગુજરાતમિત્ર પ્રા.લિ. પ્રકાશન સ્થાનઃ ગુજરાત સ્ટાન્ડર્ડ પ્રેસ, ગુજરાતમિત્ર ભવન, સોની ફળિયા, સુરત-૩૯૫૦૦૩ | e-mail:mitra@gujaratmitra.in | ટે.નં.: જા.ખ. વિભાગઃ ૨૫૯૯૯૯૧, ફેક્સઃ ૨૫૯૯૯૯૦, વ્યવસ્થા, તંત્રી વિભાગઃ ૨૫૯૯૯૯૨/૩/૪

GUJARATMITRA AND GUJARATDARPAN
Regd.No. SRT-006/2024-26 ★ RNI No.1597/57

વર્ષઃ ૧૬૩ * * * સંવત ૨૦૮૨ વૈશાખ વદ પાંચમ ગુરુવાર ૭ મે, ૨૦૨૬ * * * દૈનિક : ૮૯ - અંક : ૧૬૫

પાનાં ૧૪+૪ કિંમત ₹ ૫.૦૦

# તમિલનાડુમાં સરકાર રચનામાં કોકડું ગૂંચવાયું

**તમિલનાડુમાં** વિજયનો સરકાર રચવા દાવો: 112 ધારાસભ્યોનું સમર્થન

**કોંગ્રેસે** ડીએમકેને છોડી વિજયને ટેકો જાહેર કર્યો

**વિજયે** 112 ધારાસભ્યોની યાદી સોંપી, રાજ્યપાલે 118 ધારાસભ્યો સાથે પરત આવવા કહ્યું

**ચેન્નાઈ, તા. 6 :** તમિલનાડુના રાજકારણમાં છેલ્લા બે દિવસથી ચાલી રહેલી અનિશ્ચિતતાનો અંત લાવતા, અભિનેતા અને રાજનેતા વિજયે બુધવારે રાજ્યપાલ રાજેન્દ્ર આર્લેકર સાથે મુલાકાત કરી સરકાર રચવાનો દાવો રજૂ કર્યો હતો.

વિજયની નવરચિત પાર્ટી 'તમિલગા વેટ્રી કઝગમ' (ટીવીકે) એ તાજેતરની વિધાનસભા ચૂંટણીમાં ડીએમકે અને એઆઈએડીએમકે જેવા દ્રવિડિયન દિગ્ગજોને હચમચાવી નાખી 108 બેઠકો સાથે સૌથી મોટા પક્ષ તરીકે ઉભરી આવી છે. કોંગ્રેસે ટીવીકેને સમર્થન આપવાની જાહેરાત બાદ વિજયે 112 ધારાસભ્યોના સમર્થન સાથેનો પત્ર રાજ્યપાલને સોંપ્યો હતો, જોકે બહુમતી સાબિત કરવા માટે રાજ્યપાલે તેમને 118 ધારાસભ્યોના સમર્થન સાથે ફરીથી આવવા કહ્યું છે. લોકભવનના સૂત્રોએ જણાવ્યું હતું કે રાજ્યપાલ આર્લેકર વિજયના દાવાથી પૂર્ણ સંતુષ્ટ ન હોવાથી શપથ વિધિ અંગે હજુ સુધી કોઈ સત્તાવાર નિર્ણય લેવાયો નથી. કોંગ્રેસ સાંસદ

...અનુસંધાન પાના 12 પર



તમિલનાડુમાં 'રાજકીય ધરતીકંપ'

## સત્તા માટે કટ્ટર હરીફ DMK અને AIADMK વચ્ચે ગુપ્ત વાટાઘાટો !

**બન્ને** પક્ષો હાથ મિલાવે તો પણ ૧૦૬ ધારાસભ્યો થાય, બહુમતીનો આંકડો ૧૧૮ હોવાથી તેઓને નાના પક્ષોના સમર્થનની જરૂર પડશે

**ચેન્નાઈ, તા. 6.** વિજયની પાર્ટી તમિલગા વેટ્રી કઝગમ (ટીવીકે) ગઠબંધન સુરક્ષિત કરવા અને તમિલનાડુમાં સરકાર બનાવવા માટે મથામણ કરી રહી છે, ત્યારે દ્રવિડ મુન્નેત્ર કઝગમ (ડીએમકે) એ તેના લાંબા સમયના હરીફ એઆઈએડીએમકે સાથે ગુપ્ત વાટાઘાટો શરૂ કરી છે. એમ સૂત્રોએ જણાવ્યું હતું. આ એક એવું દુર્લભ પગલું છે જે રાજ્યની પરંપરાગત રાજકીય દુશ્મનાવટને વ્યાખ્યાયિત કરતા બે પક્ષો વચ્ચે જોવા મળ્યું છે.

એઆઈએડીએમકેના સૂત્રોએ પુષ્ટિ કરી છે કે, ચર્ચાઓ થઈ છે. જોકે, હજી સુધી કોઈ મોટી સફળતા અંગે સત્તાવાર નિવેદન આવ્યું નથી. હવે મોટો પ્રશ્ન એ છે કે શું ડીએમકે આ અભૂતપૂર્વ ગઠબંધન માટે તૈયાર છે, જે તમિલનાડુના રાજકારણમાં એક મોટો વળાંક સાબિત થશે. ૨૩

...અનુસંધાન પાના 12 પર

### વિજયે તેના તમામ ધારાસભ્યોને રિસોર્ટમાં ખસેડ્યા

બુધવારે તમિલનાડુમાં ભારે રાજકીય ડ્રામા જોવા મળ્યો હતો. ટીવીકે દ્વારા પોતાના ધારાસભ્યોને મામલ્લાપુરમ પાસેના એક રિસોર્ટમાં રાખવાની વ્યવસ્થા કરવામાં આવી છે.

### AIADMKનું એક જૂથ બહારથી ટેકાની તરફેણમાં

જ્યારે AIADMKમાં આંતરિક વિખવાદ સર્જાયો હતો, જેમાં સી.વી. સન્મુગમ અને એસ.પી. વેલુમણી જેવા વરિષ્ઠ નેતાઓએ

...અનુસંધાન પાના 12 પર

### રાજ્યપાલનો નિર્ણય હજુ બાકી: શપથ ગ્રહણ પર અનિશ્ચિતતા

રાજભવનના સૂત્રોના જણાવ્યા અનુસાર, રાજ્યપાલ હજુ વિજયના સમર્થનના દાવાથી સંપૂર્ણ સંતુષ્ટ નથી.
શપથ ગ્રહણ: TVK દ્વારા 7 મેના રોજ નેહરુ ઇન્ડોર સ્ટેડિયમમાં શપથ ગ્રહણની તૈયારીઓ કરવામાં આવી હતી, જેમાં રાહુલ ગાંધી અને મલ્લિકાર્જુન ખરગે હાજર રહેવાના હતા. પરંતુ રાજ્યપાલ તરફથી હજુ આમંત્રણ મળ્યું ન હોવાથી આ કાર્યક્રમ અનિશ્ચિત બન્યો છે. હવે વિજયનો શપથ ગ્રહણ સમારોહ 8 મેના રોજ યોજવાની તૈયારીઓ શરૂ થઈ ગઈ છે, જેમાં રાહુલ ગાંધી હાજરી આપે તેવી શક્યતા છે.

**બહુમતીનું ગણિત**
વિજયે બે બેઠકો (પેરમ્બુર અને ત્રિચી ઈસ્ટ) પરથી જીત મેળવી છે, જેમાંથી એક પરથી તેમણે રાજીનામું આપવું પડશે. આ સ્થિતિમાં બહુમતી સાબિત કરવા માટે TVKને વધુ ધારાસભ્યોના સમર્થનની જરૂર પડશે.

**અન્ય પક્ષોના ટેકા પર નજર**
હવે સૌની નજર VCK (થોલ થિરુમાવલવન), ડાબેરી પક્ષો અને IUML પર છે. TVK આ પક્ષોનો ટેકો મેળવવા પ્રયત્નશીલ છે. VCK એ જણાવ્યું છે કે તેઓ 7 મેના રોજ બેઠક કરીને વિજયને સમર્થન આપવા અંગે અંતિમ નિર્ણય લેશે.



■ કેનેડાના ન્યૂફાઉન્ડલેન્ડમાં 'આઈસબર્ગ એલી' તરીકે ઓળખાતા દરિયાકાંઠે સીઝનની પ્રથમ વિશાળ હિમશિલા (આઈસબર્ગ) તરતા જોવા મળી છે. 4 અને 5 મે, 2026 ના રોજ પાઉચ કોવ, બે ડી વર્ડે અને ક્યુપિડ્સ જેવા વિસ્તારોમાં આ વિશાળ હિમશિલા હાર્બર અને રહેણાંક મકાનોની એકદમ નજીક સુધી પહોંચી ગઈ હતી. આ અદભૂત નજારો જોવા માટે મોટી સંખ્યામાં પ્રવાસીઓ ઉમટી પડ્યા હતા. કુદરતની આ અજાયબીને નિહાળવા લોકો બ્રેકવોટર અને દરિયા કિનારે એકઠા થયા હતા. દર વર્ષે વસંતઋતુના અંતમાં અને ઉનાળાની શરૂઆતમાં આ વિસ્તાર પ્રવાસીઓ અને ફોટોગ્રાફર્સ માટે સ્વર્ગ સમાન બની જાય છે. 'આઇસબર્ગ એલી' એ આટલાન્ટિક મહાસાગરનો એવો વિસ્તાર છે જ્યાં હિમશીલાઓ કિનારાની ખૂબ જ નજીકથી પસાર થતી જોઈ શકાય છે. આ કુદરતી ઘટના માત્ર સુંદર જ નથી, પરંતુ વૈજ્ઞાનિક દૃષ્ટિકોણથી પર્યાવરણમાં થતા ફેરફારોને સમજવા માટે પણ મહત્વની છે.

## વંદે માતરમ્ ગીતને રાષ્ટ્રગાન જેવો દરજ્જો

**જન ગણ** મન પહેલાં વંદે માતરમ્ ગાવામાં આવશે

**આ ગીતનું** અપમાન કરવા બદલ કે તેના ગાયનમાં અવરોધ ઊભો કરવા બદલ સજા કે દંડની જોગવાઈ કરાશે

**નવી દિલ્હી, તા. 6:** કેન્દ્ર સરકાર દ્વારા વંદે માતરમ્ ગીતને રાષ્ટ્રગાન 'જન ગણ મન' સમાન દરજ્જો આપવાનો ઐતિહાસિક નિર્ણય લેવામાં આવ્યો છે. પશ્ચિમ બંગાળ વિધાનસભા ચૂંટણીમાં ભારતીય જનતા પાર્ટીના વિજય બાદ વડા પ્રધાન નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં મળેલી કેબિનેટની પ્રથમ બેઠકમાં આ મહત્વપૂર્ણ નિર્ણય લેવાયો હતો.

આ બેઠકમાં રાષ્ટ્રીય ગૌરવ અપમાન નિવારણ અધિનિયમમાં સુધારો કરવાના પ્રસ્તાવને પણ મંજૂરી આપવામાં આવી છે. હાલમાં રાષ્ટ્રીય ધ્વજ, બંધારણ અને રાષ્ટ્રગાન (જન ગણ મન) ના અપમાન પર જ જેલ કે દંડની જોગવાઈ છે.

કાયદામાં સુધારા બાદ બંકિમચંદ્ર ચેટર્જી દ્વારા રચિત વંદે માતરમ્ પર પણ તે જ નિયમો અને નિયંત્રણો લાગુ થશે જે અત્યારે રાષ્ટ્રીય ધ્વજ, બંધારણ અને રાષ્ટ્રગાન પર લાગુ છે. રાષ્ટ્રગીતનું અપમાન કરવા બદલ કે તેના ગાયનમાં અવરોધ ઊભો કરવા બદલ 3 વર્ષ સુધીની જેલની સજા કે

...અનુસંધાન પાના 12 પર

### દિલ્હી ડાયરી



### પશ્ચિમ બંગાળમાં ભાજપની અનોખી વ્યૂહરચના

પશ્ચિમ બંગાળ વિધાનસભાની ચૂંટણીમાં ભારતીય જનતા પાર્ટી (ભાજપ)ના નેતાઓ જે પ્રકારે પ્રચાર કરી રહ્યા છે, તેને માત્ર આશાવાદી વિચાર કે વ્યૂહાત્મક ચાલ ગણવી પૂરતું નથી. જેને કરો યા મરોની લડાઈ કહેવામાં આવી રહી છે, તેમાં ભાજપના નેતાઓએ એ વાત ફેલાવી દીધી હતી કે, કોંગ્રેસ આ ચૂંટણીમાં સારું પ્રદર્શન કરી રહી છે. ઉદાહરણ તરીકે, કોલકાતાની એક ફાઇવ-સ્ટાર હોટલની લોબીમાં ભાજપ, કોંગ્રેસ અને તૃણમૂલ કોંગ્રેસ (ટીએમસી)ના વરિષ્ઠ નેતાઓ વચ્ચે થયેલી વાતચીતને લો. જ્યારે તેઓ પોતપોતાની પાર્ટીઓની જીતની શક્યતાઓ વિશે ચર્ચા કરી રહ્યા હતા ત્યારે ભાજપના નેતાએ દાવો કર્યો કે કોંગ્રેસ સારી એવી બેઠકો મેળવશે અને જાહેર કર્યું કે કોંગ્રેસ ૧૬ બેઠકો પર જીતી રહી છે. તૃણમૂલ કોંગ્રેસના નેતાએ આ વાતની મજાક ઉડાવતાં કહ્યું કે કોંગ્રેસ ભાગ્યે જ બેથી વધુ બેઠકો મેળવી શકશે. કારણ કે, વર્તમાન વિધાનસભામાં કોંગ્રેસ પાસે એક પણ બેઠક નથી અને રાજ્યમાં તેની હાજરી નહિવત છે, તેથી કોંગ્રેસના નેતાએ પોતે પણ તૃણમૂલના નેતાના અંદાજ સાથે

...અનુસંધાન પાના 12 પર

## મમતા બેનર્જી ચૂંટણી પરિણામોને સુપ્રીમ કોર્ટમાં પડકારશે

**ટીએમસીએ** મમતાના રાજીનામા ન આપવાના નિર્ણયને લોકશાહીમાં વિરોધની એક રીત ગણાવી

**ભાજપની** શપથ વિધિ દરમિયાન ટીએમસી કાર્યાલયોમાં રવીન્દ્ર સંગીત વગાડવામાં આવશે

**મમતાએ** કેન્દ્ર સરકારને બંગાળમાં રાષ્ટ્રપતિ શાસન લાદવાનો પડકાર ફેંક્યો

**કોલકાતા, તા. 6 (PTI):** પશ્ચિમ બંગાળ વિધાનસભા ચૂંટણીમાં પરાજય બાદ મમતા બેનર્જીએ આક્રમક વલણ અપનાવ્યું છે. ભાજપની પ્રચંડ જીત છતાં તેમણે મુખ્યમંત્રી પદેથી રાજીનામું આપવાનો ઈનકાર કર્યો છે, જેને તૃણમૂલ કોંગ્રેસ (ટીએમસી)એ 'સાંકેતિક વિરોધ' ગણાવ્યો છે અને પક્ષના નેતાઓએ સંકેત આપ્યા હતા કે લાંબી રાજકીય અને કાયદાકીય લડાઈ લડવામાં આવશે. કાલીઘાટ ખાતે આવેલા તેમના નિવાસસ્થાને



...અનુસંધાન પાના 12 પર

### ભાજપના સુવેંદુ અધિકારીના પીએની ગોળી મારીને હત્યા કરાઈ

**કોલકાતા.** પશ્ચિમ બંગાળમાં ભાજપની ઐતિહાસિક જીત બાદ હિંસાનો દોર ચાલુ છે. તાજેતરની ઘટનામાં, ભાજપના દિગ્ગજ નેતા અને ભવાનીપુર બેઠક પરથી મમતા બેનર્જીને 15,000થી વધુ મતોથી હરાવનાર 'જાયન્ટ કિલર' સુવેન્દુ અધિકારીના અંગત સચિવ (પીએ) ચંદ્રનાથ રથની કોલકાતા નજીક મધ્યમગ્રામમાં ગોળી મારીને હત્યા કરવામાં

...અનુસંધાન પાના 12 પર

## પશ્ચિમ બંગાળમાં ભાજપ શાસનનો સૂર્યોદય: 9મીએ બ્રિગેડ ગ્રાઉન્ડ પર ભવ્ય શપથ ગ્રહણ

**એ દિવસે** જ રવીન્દ્રનાથ ટાગોરની જન્મજયંતિ પણ છે

**પીએમ** મોદી અને અમિત શાહ સહિતના કેન્દ્રીય મંત્રીઓ આ ઐતિહાસિક ક્ષણના સાક્ષી બનશે

**8 મેના** રોજ ધારાસભ્યોની બેઠકમાં નવા મુખ્યમંત્રી અંગે નિર્ણય લેવાશે

**કોલકાતા, તા. 6 (PTI):** પશ્ચિમ બંગાળના રાજકીય ઈતિહાસમાં એક યુગનો અંત લાવીને ભારતીય જનતા પાર્ટી પ્રથમવાર સત્તાના સૂત્રો સંભાળવા જઈ રહી છે. બંગાળમાં પ્રથમ ભાજપ સરકારનો શપથ ગ્રહણ સમારોહ 9 મે, 2026ના રોજ કોલકાતાના ઐતિહાસિક બ્રિગેડ પરેડ ગ્રાઉન્ડ ખાતે યોજાશે.

રાજ્ય ભાજપ પ્રમુખ સમિક ભટ્ટાચાર્યએ બુધવારે આ જાહેરાત કરી હતી. તૃણમૂલ કોંગ્રેસ (ટીએમસી) ના 15 વર્ષના શાસનને તોડીને કેસરી છાવણી હવે સત્તાવાર રીતે કાર્યભાર સંભાળવાની તૈયારી કરી રહી છે.

સવારે 10 વાગ્યે શરૂ થનારા આ ભવ્ય સમારોહમાં વડા પ્રધાન નરેન્દ્ર મોદી, કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ, ભાજપ અધ્યક્ષ નિતિન નબીન અને અનેક કેન્દ્રીય મંત્રીઓ હાજરી આપે તેવી પ્રબળ શક્યતા છે. આ ઉપરાંત ભાજપ અને એનડીએ શાસિત રાજ્યોના મુખ્યમંત્રીઓ પણ હાજર રહેશે.

ખાસ વાત એ છે કે, આ શપથ ગ્રહણ બંગાળી કેલેન્ડર મુજબ 25મા વૈશાખે યોજાશે, જે દિવસે સમગ્ર રાજ્યમાં રવીન્દ્રનાથ ટાગોરની જન્મજયંતિ એટલે કે 'રવીન્દ્ર જયંતિ' ઉજવવામાં આવે છે. આ તારીખની પસંદગી પાછળ ઊંડું સાંસ્કૃતિક પ્રતીકવાદ છુપાયેલું છે.

દરમિયાન ભાજપના સુવેન્દુ અધિકારીએ મમતા બેનર્જીને તેમના ગઢ ગણાતા ભવાનીપુરમાં 15,000થી વધુ મતોથી હરાવ્યા હતા, સાથે જ નંદીગ્રામ બેઠક પર પણ વિજય મેળવ્યો હતો.

તેમણે નંદીગ્રામમાં હનુમાનજીની મૂર્તિની પૂજા કરી અને સત્તા મેળવવાના સંઘર્ષમાં જીવ ગુમાવનારા ભાજપના કાર્યકરોને શ્રદ્ધાંજલિ આપી હતી.

રાજકીય નિષ્ણાતોના મતે, આ દિવસની પસંદગી ભાજપના ઐતિહાસિક ઉદયને બંગાળની સાંસ્કૃતિક ઓળખ સાથે જોડવાનો એક વ્યૂહાત્મક પ્રયાસ છે. આ પગલા દ્વારા ભાજપ ટીએમસીના તે પ્રચારનો વળતો જવાબ આપવા માગે છે, જેમાં તેમને બંગાળના ભાષાકીય અને બૌદ્ધિક સિદ્ધાંતોથી વિખૂટા 'બહારના લોકો' તરીકે ચિતરવામાં આવ્યા હતા.

બીજી બાજુ સમાજવાદી પાર્ટીના અધ્યક્ષ અખિલેશ યાદવે બંગાળની ચૂંટણી પ્રક્રિયા પર સવાલ ઉઠાવ્યા છે. તેમણે સુપ્રીમ કોર્ટ પાસે મતગણતરીના વીડિયો રેકોર્ડિંગ જાહેર કરવાની માગ કરી છે અને ઉત્તર પ્રદેશની આગામી ચૂંટણીઓમાં પણ આવી જ ગેરરીતિની આશંકા વ્યક્ત કરી છે.

## ઈરાન-અમેરિકા યુદ્ધનો 48 કલાકમાં અંત આવવાના અણસાર

**પાકિસ્તાનની** વિનંતી પર હોર્મુઝમાંથી જહાજોને બહાર કાઢવાનો 'પ્રોજેક્ટ ફ્રીડમ' હાલ મોકૂફ: ટ્રમ્પ

**ટ્રમ્પને** ઈરાન સાથે અંતિમ કરારની આશા, ઈરાન પર લાદવામાં આવેલી સખત આર્થિક અને સૈન્ય નાકાબંધી ચાલુ રહેશે

**વોશિંગ્ટન, તા. 6 (PTI):** અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ઈરાન સાથે યુદ્ધ વિરામની મંત્રણામાં થયેલી પ્રગતિને ધ્યાનમાં રાખીને 'પ્રોજેક્ટ ફ્રીડમ' સ્થગિત કરવાની જાહેરાત કરી છે. આ પ્રોજેક્ટ હોર્મુઝની સામુદ્રધુનીમાં ફસાયેલા જહાજોને સુરક્ષિત બહાર કાઢવા માટે શરૂ કરવામાં આવ્યો હતો. અહેવાલો મુજબ, ડોનાલ્ડ ટ્રમ્પ પ્રશાસન અને ઈરાન વચ્ચે યુદ્ધ સમાપ્ત કરવા માટે 14 મુદ્દાનો સમજૂતી પત્ર (MoU) તૈયાર કરવામાં આવ્યો છે. જો બધું યોજના મુજબ ચાલશે, તો આગામી 48 કલાકમાં યુદ્ધ વિરામની સત્તાવાર જાહેરાત થઈ શકે છે.

ટ્રમ્પે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'ટ્રુથ સોશિયલ' પર પોસ્ટ કરતા જણાવ્યું હતું કે પાકિસ્તાન અને અન્ય દેશોની વિનંતી તેમજ ઈરાન સામેના સૈન્ય અભિયાનમાં મળેલી સફળતા બાદ આ નિર્ણય લેવાયો છે.

ટ્રમ્પે સ્પષ્ટ કર્યું છે કે જોકે આર્થિક નાકાબંધી પૂર્ણ રીતે ચાલુ રહેશે, પરંતુ 'પ્રોજેક્ટ ફ્રીડમ'ને થોડા સમય માટે રોકવામાં આવ્યો છે જેથી જોઈ શકાય કે ઈરાન સાથેનો અંતિમ

...અનુસંધાન પાના 12 પર

### શહબાઝ શરીફે 'પ્રોજેક્ટ ફ્રીડમ' રોકવા બદલ ડોનાલ્ડ ટ્રમ્પનો આભાર માન્યો

**ઈસ્લામાબાદ :** પાકિસ્તાનના વડા પ્રધાન શહબાઝ શરીફે બુધવારે અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પનો હોર્મુઝની સામુદ્રધુનીમાં ઓપરેશન રોકવાની જાહેરાત કરવા બદલ આભાર માન્યો હતો. તેમનું આ નિવેદન રાષ્ટ્રપતિ ટ્રમ્પ દ્વારા હોર્મુઝની સામુદ્રધુનીમાં જહાજોને સુરક્ષા પૂરી પાડવાના અભિયાન 'પ્રોજેક્ટ ફ્રીડમ' ને સ્થગિત કર્યાના કલાકો બાદ આવ્યું છે. ટ્રમ્પે દાવો કર્યો હતો કે યુદ્ધના અંત માટે ઈરાન સાથેની વાટાઘાટોમાં પ્રગતિ

...અનુસંધાન પાના 12 પર

## હોર્મુઝ નહીં ખોલો તો ભયાનક બોમ્બમારો શરૂ થશે: ટ્રમ્પની ધમકી

**જો ઈરાન** શરતો પર સંમત થશે તો હુમલા બંધ થશે અને હોર્મુઝનો જળમાર્ગ તમામ માટે ખુલ્લો મુકાશે: ટ્રમ્પ

**વોશિંગ્ટન, તા. 6 (PTI):** અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે બુધવારે ઈરાનને ચેતવણી આપી છે કે જો તે હોર્મુઝની સામુદ્રધુની (સ્ટ્રેટ ઓફ હોર્મુઝ) ફરીથી નહીં ખોલે તો તેના પર વધુ બોમ્બમારો કરવામાં આવશે. આ ધમકી એવા સમયે આવી છે જ્યારે અહેવાલો સૂચવે છે કે બંને પક્ષો યુદ્ધનો અંત લાવવા માટે કરારની નજીક પહોંચી રહ્યા છે. મીડિયા અહેવાલ અનુસાર, અમેરિકા અને ઈરાન યુદ્ધ વિરામ અને

...અનુસંધાન પાના 12 પર

### ઓમાનની ખાડીમાં અમેરિકી સેનાએ ઈરાની ધ્વજ ધરાવતા ઓઇલ ટેન્કર પર ગોળીબાર કર્યો

**વોશિંગ્ટન.** અમેરિકી સૈન્યએ સોશિયલ મીડિયા પોસ્ટમાં જણાવ્યું હતું કે, બુધવારે ઓમાનની ખાડીમાં એક અમેરિકી ફાઇટર જેટે ઈરાની ઓઇલ ટેન્કર પર ગોળીબાર કરીને તેના રડર (જહાજને દિશા દર્શાવતો ભાગ)ને તોડી પાડ્યું હતું, આ ઘટના ત્યારે બની હતી જ્યારે ટેન્કર ઈરાનના બંદરો પરની અમેરિકી નાકાબંધી તોડવાનો પ્રયાસ કરી રહ્યું હતું. આ હુમલો એવા સમયે થયો

...અનુસંધાન પાના 12 પર

### હવામાન

તા. ૦૬-૦૫-૨૦૨૬નું સુરત શહેરનું

| મહત્તમ | લઘુત્તમ | ભેજ |
|---|---|---|
| ૩૬.૩° સે. | ૨૭.૫° સે. | ૬૭% |